મનની શાંતિ અનુકૂળ પરિસ્થિતિઓ દ્વારા નહી પરંતુ આંતરિક પરિવર્તન દ્વારા પ્રાપ્ત કરવી જોઇએ
- મહાવીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૮ | ૨૮ જૂન, ૨૦૧૩, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનનું રાજીનામુ

## હવે, ત્રીજીવાર શિક્ષણ સમિતિની રચના થશે જે પણ પંચાયતની તવારીખીમાં એક વિક્રમ બની રહેશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિનો વિવાદ કોંગ્રેસને પ્રથમથી જ સતત સતાવતો રહ્યો છે. આજે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ રાઠોડે હોદ્દા પરથી તેમજ પંચાયતના સભ્યપદેથી રાજીનામુ આપતાં વિવાદે નવો વળાંક લીધો છે.

આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાના સુમારે શ્રી ગાંભુસિંહે પોતાના રાજીનામાનો પત્ર જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણા તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી બિપીનભાઈ ભટ્ટને આપી દીધો છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા શરૂ થતાં પૂર્વે જ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રીએ રાજીનામુ ધરી દીધુ હોવાની વાત વાયુવેગે પ્રસરી જવા પામી હતી. શ્રી ગાંભુસિંહ પણ રાજીનામુ આપી પંચાયત ભવન છોડી તેમના વતન જવા રવાના થયા હતા. તેમણે આજની સામાન્ય સભામાં પણ હાજરી આપી હતી.

પંચાયતની શિક્ષણ સમિતિમાંથી અગાઉ બે સભ્યો રાજીનામા આપી ચુક્યા છે એટલે હવે પંચાયતમાં ત્રીજીવાર શિક્ષણ સમિતિની રચનાનો મુદ્દો હાથ પર લેવામાં આવશે.

પ્રથમવાર શિક્ષણ સમિતિમાં કોંગ્રેસ દ્વારા કો.ઓપ્ટ સભ્ય તરીકે શ્રી અશ્વિન બારોટની નિમણુંક કરી હતી. જેને ભાજપના આગેવાનોએ પડકારતાં વિકાસ કમિશ્નરશ્રીએ પંચાયત અધિનિયમની જોગવાઈઓને ધ્યાને રાખી સમિતિનું વિસર્જન કર્યું હતું.

● અનુસંધાન પાના - ૭ પર

## શિક્ષણ સમિતિના બે સભ્યોના રાજીનામા મુદ્દે ભાજપે કોંગ્રેસને ભીંસમાં લીધો

### સભ્યોએ પાંચ મહિના સુધી સમિતિના સભ્ય તરીકે રહી ઔચિત્ય ભંગ કર્યો છે : જયેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના બે સભ્યો શ્રી રામાજી ઠાકોર અને શ્રીમતિ શારદાબેન મકવાણાએ આપેલા રાજીનામાના મુદ્દે ભાજપના શ્રી જયેશ પટેલે ઔચિત્ય ભંગ થયો હોવાનું જણાવી આ મુદ્દે તેઓ કે તેમના પક્ષના સભ્યો સહમત નહિ હોવાનું જણાવી સમિતિ વિખેરવા રજુઆત કરી હતી.

આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ બે સભ્યોના રાજીનામાની જાણ અધ્યક્ષસ્થાનેથી મુકાયેલા પ્રસ્તાવમાં રજુ કરવામાં આવી હતી.

ભાજપના શ્રી જયેશ પટેલે આ અંગે વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ સભ્યોને ત્રણ-ત્રણ સમિતિમાં સ્થાન અપાયુ હતુ. એટલું જ નહિ સભ્યોએ સમિતિમાં નિયુક્ત થયા પછી પાંચ મહિના સુધી સભ્ય તરીકે કામગીરી કરી છે. જે કોઈપણ સંજોગો શાંખી લેવાઈ નહિ. સમિતિની

● અનુસંધાન પાના - ૭ પર



**સ્વતંત્ર ભારતની અમર કૃતિ :** ગાંધીના નામ સાથે સંકળાયેલ ગુજરાતના પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિરે ગાંધીજીની આ અમર અદાની પ્રતિમા આધુનિક ભારતના નિર્માણની છડી પોકારે છે. મહાત્મા ગાંધીના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે જેટલા ગઈકાલે હતા. આર્થિક ક્રાંતિ સંપૂર્ણ સ્વરાજના મંત્રથી આવશે. સાદગી અને સ્વાવલંબન બે ભારતીય સંસ્કૃતિના અમર પાટા છે. રેટિંયો કાંતીને સૂતરના તાંતણે ભારતને આઝાદી અપાવનાર આ સાબરમતીના સંતે આ અદામાં ભારતના સ્વાવલંબનની દિશા વ્યક્ત કરી છે. ગરીબ અને મધ્યમ વર્ગની આર્થિક સ્વાવલંબતા માટે શ્રમનો મહિમા ગાંધીએ ગાયો છે, એટલો કદાચ કોઈએ ગાયો નથી. ભારતના ઘરે ઘરમાં ગાંધીનો આ શ્રમ મંત્ર ગૂંજે તો આજે પણ ગરીબી અને અસમાનતાનું કલંક ભારત ચપટીમાં દૂર કરી શકે તેમ છે. બસ જરૂર છે માત્ર ગાંધી વિચારમાં શ્રદ્ધાની, અભિવ્યક્તિમાં સરળતાની અને દેશ માટે સ્વ થી સુરાજ્ય માટેના વિકાસની કટીબદ્ધતા માટે આવો ગાંધી વિચારને જીવન મંત્ર બનાવી સામાજિક ક્રાંતિના આ પ્રતિમાની પ્રાણ-પ્રતિષ્ઠા કરીએ. (તસવીર : દિપક જાની)

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં તંત્ર સામે ભારે ઉહાપોહ

### વિપક્ષ-સત્તાધારી પક્ષના સભ્યોના આક્રમણ સામે સામાન્ય સભામાં તંત્ર લાચાર : કાર્યપાલક ઈજનેરને વિભાગમાં પરત મોકલવાનો પ્રસ્તાવ પડતો મુકાયો : આયોજનના ૬૦ કામો ત્રણ વર્ષથી પડતર : આવાસ યોજનામાં સહાય ચુકવવા માટે અધિકારીઓ પૈસા માંગે છે : અજીતસિંહ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં વિપક્ષ ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષના સભ્યોએ આક્રમક વલણ અખત્યાર કરતાં તંત્ર લાચાર બની ગયુંહતું. વિપક્ષ ભાજપ આજે તંત્રને ભીંસમાં લેવામાં સફળ રહ્યું હતું.

વિપક્ષ ભાજપે આજે તંત્રને ભીંસમાં લેતાં વિપક્ષી સભ્યોને આયોજનના કામોમાં અન્યાય કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરી સરકારના માર્ગદર્શનને બદલે મનઘડત કામો સૂચવવામાં આવતા હોવાનો આરોપ મુક્યો હતો.

ભાજપના શ્રી જયેશ પટેલે હેલ્થ મિશનની વર્ષ ૨૦૧૨-૧૩માં બેઠક નહિ યોજવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો તેમજ તંત્રની આવી ઉદાસીનતા અક્ષમ્ય લેખાવી હતી. તેમણે આયોજનના કામોમાં પણ તે જ વર્ષે તે કામ થવું જોઈએ તે સિદ્ધાંતનો ભંગ થતો હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે તલાટીઓની ઘટને મુદ્દે તંત્રના ઉદાસીન વલણની આકરી ટીકા કરી હતી.

વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલ, નવિનભાઈ પટેલે આવાસ યોજનાના અમલીકરણની ઉદાસીનતા માટે તંત્રનો ઉઘડો લીધો હતો. તેમજ ૧૭ થી ૨૦ના લાભાર્થીઓને સમયસર સહાય નહિ મળતી હોવાનું જણાવ્યું હતું.

કોંગ્રેસના શ્રી અજીતસિંહ રાઠોડે પણ આયોજન મંડળના કામો માટે જી.ઈ.બી. દ્વારા સમયસર એસ્ટીમેટ નહિ મળતા હોવાનું જણાવી વિદ્યુત તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આવાસ યોજનાના અમલીકરણમાં અધિકારીઓ દ્વારા લાભાર્થીઓ પાસેથી પૈસાની માંગણી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરી તેમણે સૌને ચોંકાવી દીધા હતા. એક તબક્કે શ્રી અજીતસિંહે જો તેમનો આ આક્ષેપ ખોટો હોય તો જાહેર જીવન છોડી દેવાની પણ વાત કરતાં ગૃહમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

ગુજરાત વિદ્યુત બોર્ડના નકારાત્મક વલણની તેમણે આકરી ટીકા કરી હતી. તેમણે જણાવ્યું કે આ માટે તંત્ર દ્વારા વારંવાર સ્મૃતિપત્રો લખવામાં આવ્યા પછી પણ અંદાજો મળતા નથી એ વાત દુ:ખદ છે. વીજળીકરણને અગ્રતા આપવાની સરકારની વાતો માત્ર કાગળ પર છે વાસ્તવિકતા જુદી છે.

આજની આ સામાન્ય સભામાં આયોજન મંડળના કામોને લઈ તંત્ર દ્વારા દાખવવામાં ઉદાસીનતા સામે

● અનુસંધાન પાના - ૭ પર

## મનપાની સ્ટેન્ડીંગ કમિટી ૧લી જુલાઈએ મળશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી ૧લી જુલાઈના રોજ મહાનગરપાલિકાના સભાખંડમાં બપોરે બે વાગે મળશે. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ૮ જેટલા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવશે.

ખાસ કરીને સભ્યોએ તેમને મળેલ નિકાલ કામોની ગ્રાન્ટમાંથી ગાંધીનગરની વિવિધ સ્કૂલોને આર.ઓ. પ્લાન્ટ તેમજ વોટર કુલર ફાળવવાની રજુ કરેલ દરખાસ્તો તેમજ સોલાર લાઈટોના કામોને બહાલી આપવા અંગે નિર્ણય કરાશે.

આ ઉપરાંત મોબાઈલ ટોયલેટ અંગે કમિશ્નરશ્રીની દરખાસ્ત તેમજ તાંત્રિક કર્મચારીઓની આઉટ સોર્સીંગથી ભરતીની બાબતે પણ નિર્ણય કરવામાં આવશે.

# વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ભારે ચિંતા

ગાંધીનગર, તા. ૨૭

વરસાદે વિરામ લેતા ઉત્તર ગુજરાતના ખેડૂતોમાં ચિંતા ઉઠવા પામી છે. કારણ કે હજુ કેટલાય વિસ્તારો એવા છે જ્યાં વાવણીલાયક વરસાદ ન થતાં વાવણી થઈ શકી નથી.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચોમાસાના પ્રારંભે સૌરાષ્ટ્રમાં સારો વરસાદ થતાં મોટાભાગના વિસ્તારોમાં વાવણી થઈ જવા પામી છે. જો કે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ ન થતાં આ વિસ્તારોમાં હજુ ખેડૂતો વાવણી કરી શક્યા નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમુક પાકોનું વાવેતર ૩૦મી જૂન સુધીમાં થઈ જવું જોઈએ. જો આ પાકોનું વાવેતર સમય કરતાં મોડુ કરવામાં આવે તો પાકોમાં રોગ આવી જતો હોય છે. એટલું જ નહી જો ૧૫મી જુલાઈ સુધીમાં વાવણીલાયક વરસાદ ન થાય તો કેટલાક વિસ્તારોમાં પાકો બદલવાની પરિસ્થિતિ ઉભી થઈ શકે છે.

ચોમાસાના પ્રારંભ પહેલા રાઉન્ડમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ થવા પામ્યો હતો. પરંતુ ઉત્તર ગુજરાતમાં સામાન્ય વરસાદ થયા બાદ વરસાદે વિરામ લઈ લેતા આ વિસ્તારોના ખેડૂતોમાં ચિંતા ઉઠવા પામી છે. અને વાવણીલાયક વરસાદ થાય તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

GOOD DESIGN IS GOOD BUSINESS
PARAM CREATIONS

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ

ગુજરાત સરકારમાં 13000+ થી વધુ (વર્ગ-3)
બિન સચિવાલય કલાર્ક તથા અન્ય વર્ગ-3 કક્ષા-5000, ડેટા ઓપરેટર (સચિવાલય) 700 તલાટી-1800, PSI-500, કોન્સ્ટેબલ-4500
માસ્ટર કોર્ષ-2014
₹ 11,000/- ₹ 14,000/- સાહિત્ય FREE